# સે-૭ અને ૧ ૩માં નિકાલ હેઠળના મકાનો હવે તૂટશે

## પેન્ડીંગ દરખાસ્તને વિભાગ કક્ષાએથી મંજૂરી અપાતા કામ શરૂ થશે

ગાંધીનગર,તા.૧૩

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાના મામલે વિભાગ કક્ષાએથી તબક્કાવાર મંજુરી આપવામાં આવે છે. આખરે સે-૭ અને સે-૧ ૩માં 'જ' કક્ષાના નિકાલ હેઠળના આવાસો તોડી પાડવા ટૂંકમાં કામ શરૂ થશે.

શહેરમાં નિકાલ હેઠળના ભયજનક આવાસોની સંખ્યા વિશેષ છે. વર્ષ ૨૦૦૫માં ૧૯૦૪ જેટલા મકાનો નિકાલ હેઠળના જાહેર કરાયા બાદ દાયકાના અંતે પણ સેકટરોમાં જોખમી મકાનોનું અસ્તિત્વ યથાવત છે. અગાઉ સે-૧૬, સે-૧૩ અને સે-૩૦માં નિકાલ હેઠળના કેટલાક બ્લોક તોડવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. સે-૧૬માં પણ વાઈબ્રન્ટ પૂર્વેનિકાલ હેઠળના બ્લોક તોડવામાં આવ્યા હતા. જયારે હાલ બાકીના બ્લોકને જમીનદોસ્ત કરવાનુંકામ પણ હાથ ધરવામાં આવ્યું છે. નિકાલ હેઠળના બ્લોક ભયજનક હાલતમાં હોવાથી તંત્રના અધિકારીઓ માટે પણ આ આવાસો શિરદર્દરૂપ બન્યા છે. સે-૭ અને ૧૩માં 'જ' કક્ષાના આવા જોખમી મકાનો તોડી પાડવા વિભાગ કક્ષાએથી દરખાસ્ત કરવામાં આવી હતી. જેને મંજૂરી આપી દેવાતા બંને સેકટરમાં ૧૦થી વધુ બ્લોક તોડવાનું ટૂંકમાં કામ હાથ ધરાશે. નિકાલ હેઠળના મકાનો તોડી આ ઠેકાણે જરુરી જગ્યાના આયોજન મુજજ અગાઉ ટાવર કોલોની બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જો કે આ મામલે હજુ કાર્ય યોજના આગળ વધી શકી નથી.



પડોશી રાજસ્થાન રાજયમાંથી સ્થળાંતર કરી ગુજરાતના ખેડબ્રહ્મા શહેરમાં મોટી સંખ્યામાં અનેક પરિવારો વરસાટ માટે આવી ગયા છે. અને ગુજરાતી સમાજના અનેક સામાજિક ઉત્સવો પણ મન ભરી મનાવી રહ્યા છે. રાજસ્થાની સમાજ દ્વારા આજ રોજ શીતળા સાતમની ઉજવણી કરાઈ હતી. શીતળાસાતમ એટલે ટાઢી સાતમ નિમિત્તે વહેલી સવારે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડયા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# ગાંધીનગર બાર એસોસિએશને અલ્હાબાદની ઘટના વખોડી

## સોમવારે વકીલો કોર્ટ કાર્યવાહીથી અળગા રહેશે

ગાંધીનગર, તા. ૧૩

અલ્હાબાદમાં પોલીસના હૂમલાથી વકીલનુ મૃત્યુ થતા સમગ્ર દેશમાં વકીલઆલમમાં ઉગ્ર રોષ ભભુક્યો છે. આ ઘટનાના પગલે વકીલોએ આગામી સોમવારે કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો ઠરાવ કર્યો છે. ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા પણ તા. ૧૬ માર્ચના રોજ કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

અલ્હાબાદના કોર્ટ બિલ્ડીંગમાં પોલીસે રીવોલ્વરથી હૂમલો કરતા એક વકીલનું મૃત્યુ થયું હતું. આ ઘટનાની વકીલઆલમમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. બાદ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા પણ ૧૬ માર્ચના રોજ કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો ઠરાવ અંગે ચર્ચા થઈ હતી જે મુજબ ગાંધીનગર કોર્ટના વકીલોએ પણ આ કૃત્યને વખોડી કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો ઠરાવ કર્યો છે.

# ડીસામાં કતલખાને જતા અબોલ પશુ મામલે ભડકો

ડીસા, તા. ૧૩

ડીસામાં ગત મોડી રાત્રે બાતમી આધારે જીવદયા પ્રેમીઓ દ્વારા ૧૨ ભેંસો ભરેલી એક ટ્રક રાજમંદિર સિનેમા નજીક રોકવામાં આવી હતી. આ ટ્રકોમાં ૧૩ અબોલ પશુ ભેંસો મળી આવતા જીવદયા પ્રેમિયોએ તે અટકાવતા મામલો બીચક્યો હતો, અને બાજુમાં જ રહેતા ગવાડી વિસ્તારના લઘુમતી કોમના લોકો હથીયારો સાથે ધસી આવતા ડીસા દક્ષિણ પોલીસ કાફલો સમયસર ત્યાં પહોંચતા મોટી હિંસક અથડામણ થતા અટકી હતી, જ્યારે પોલીસે બન્ને પક્ષો વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

બનાસકાંઠાના ડીસામાં ગત મોડી રાત્રે એક પશુ ભરેલી ટ્રક જીવદયા પ્રેમીઓના હાથે રાજમંદિર સિનેમા નજીક ઝડપાઈ હતી, આ ટ્રકની તલાશી લેતા તેમાંથી ૧૨ જેટલી ભેંસો મળી આવી હતી, આ તમામ ભેસો ક્રૂરતાપૂર્વક, એક બીજાના ચામડા છોલાઈ જાય તે રીતે બાંધેલ હોઈ આ અબોલ પશુઓ લોહી લુહાણ બન્યા હતા. પ્રાથમિક તપાસમાં અબોલ પશુ કતલખાને લઈ જવાના હતા, જો કે જીવદયા પ્રમીઓ દ્વારા આ ટ્રક ઝડપાયાના સમાચાર નજીકમાં આવેલી ગવાડી વિસ્તારમાં ફેલાતા લઘુમતી કોમના લોકો ટોળા સાથે દોડી આવ્યા હતા. જોકે બન્ને પક્ષના લોકો આમને-સામને અથડામણ કરે તે પહેલા ડીસા દક્ષિણ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર કપિલ ડી. નકુમ પોલીસ કાફલા સાથે દોડી આવ્યા હતા. જેમને ભારે જહેમતે બન્ને પક્ષના લોકોને ખસેડ્યા હતા. આ ઘટનાની અફરાતફરીમાં બે વ્યક્તિઓને નાની મોટી ઈજા પણ થઈ હતી. જેમાં એકને ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. આ કેસમાં ટ્રકચાલકે અબોલ પશુ હેરાફેરી કરી હોઈ તેની વિરૂદ્ધ આઈ.પી.સી. તેમજ પશુ સરક્ષણ અધિનિયમ અને પશુ ક્રૂરતા અધિનિયમની વિવિધ કલમો તળે ફરિયાદ નોંધાઈ હતી. અને ટ્રકની કબજો મેળવી ઝડપાયેલા પશુ ડીસા રાજપુર પાંજરાપોળ સારવાર અર્થે ખસેડ્યા હતા, જ્યારે કાયદો હાથમાં લઈ ટ્રકચાલક પર હુમલો કરવાના કેસમાં જીવદયા પ્રેમી એવ (૧) પ્રશાંત બારોટ (૨) જીતુભાઈ માજીરાણા (૩) પપ્પુભાઈ પરમાર (૪) તેમજ એક અજાણ્યો શખ્સ સહીત ચાર વિરૂદ્ધ મારામારીનો ગુનો દાખલ કરાયો હતો, આમ રાત્રી સમયે પોલીસ દરમ્યાનગીરી થતા એક મોટી હિંસક અથડામણ થતી અટકી હતી.

જો કે ડીસા પંથકની વાત કરીએ તો ડીસામાં રાત્રીના ૨ વાગ્યા બાદ સવારના ૫ વાગ્યા સુધી રાજસ્થાન અને આજુબાજુના ગામોમાંથી ઘરડી, અશક્ત અને બીમાર ભેંસો ડીસા પંથકમાં ખડકાય છે, નિત્ય ૩૦૦ થી વધુ પશુની અહીં મંડી ભરાય છે, જે ખરીદી બાદ ટ્રકો મારફતે રાજસ્થાન રસ્તે કતલખાને ધકેલાય છે. ત્યારે આ હેરાફેરીને અટકાવવા તંત્ર આગળ આવે તેવું જીવદયા પ્રેમીઓની માંગ છે.




(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

### કૃષિક્ષેત્રે ચિંતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદ આજે સવારે પણ વાદળો છવાઈ ગયા હતા અને વરસાદી વાતાવરણ રહ્યું હતું. વરસાદી ઝાપટા પડતા પાકને નુકસાન થવાની સંભાવના દેખાઈ રહી છે. ગોંડલથી પ્રાપ્ત અહેવાલ મુજબ ઝરમર છાંટા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદના લીધે કેરીના પાકને ભારે નુકસાન થવાની સંભાવના દેખાઈ રહી છે. ગઈકાલે ઘણા ભાગોમાં કરા પડ્યા હતા જેમાં વલસાડ પંથકનો સમાવેશ થાય છે.

## શબ્દાવલી - ૫૬૬૯



**આડી ચાવી**

૧. આકાશ, નભ (૩)
૩. ચાલાકી, હોંશિયારી, યુક્તિ(૩)
૬. જળ પીધા વિના કરાતા ઉપવાસ (૩)
૮. ટાઇમ, ટંકાવાથી થતો અવાજ (૨)
૯. રસ્તો બંધ કરી વસુલવાની જગ્યા (૪)
૧૨. પંપાળવું, શરીરે ધીમે હથેલી ફેરવવી (૫)
૧૩. અતિશય કરકસર કરવી(૨)
૧૫. પ્રણાલી, પદ્ધતિ, ઢબ (૨)
૧૭. ગામડામાં મહેસૂલ સંબંધી કામગીરી
૧૮. બધી જ જગ્યાએ, બધે(૩)
૧૯. વીસ ઘા કાગળ (૨)
૨૦. સખત, અતિ (૩)
૨૨. પાપડમાં નાખવાનો ખારો (૫)

**ઊભી ચાવી**

૧. સિંહની ત્રાડ (૩)
૨. તીવ્ર અસરકારક, ગળુકાપે તેવી હરિફાઇ (૪)
૪. રીસાઇ જવું, છટકવું (૪)
૫. મોકો, લાગ (૨)
૭. સાંધાનો વા (૪)
૧૦. વાંસળી, મોરલી (૩)
૧૧. ગ્રીનરી, હરિયાળી (૪)
૧૪. સિફારીસ, સોંપણી (૪)
૧૬. રીપોર્ટર, ખબરપત્રી (૪)
૧૮. સમાચાર, એંધાણ (૩)
૨૦. બાળખને પટાવીને ખવડાવવા માટે... કરો એવું કહેવાય (૨)
૨૧. છેતરપીંડી, ધાપ (૨)

### શબ્દાવલી ૫૬૬૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચલકચલાણુ (૬) બુભુક્ષુ (૭) લકોટી (૮) શોર (૧૦) નજર (૧૨) કેન (૧૩) મજા (૧૫) પાવક (૧૬) હીમ (૧૭) જેલ (૧૮) આભ (૨૦) રફતાર (૨૧) આંખ

**ઊભી ચાવી :-** (૨) કાબુલી (૨) ચક્ષુદાન (૩) કલશોર (૪) ચકોર (૫) લાટી (૯) કનક (૧૧) જનમભર (૧૨) કેવલ (૧૩) મહીયર (૧૪) જામ (૧૫) પાજેબ (૧૮) આતા (૧૯) વખ

# જિલ્લામાં ૨ વર્ષ દરમિયાન ૧૫૮૭ નવા કુટિર ઉદ્યોગો શરૂ થયા

## કુટિર ઉદ્યોગ માટે સરકાર દ્વારા ૧.૧૯ કરોડની સહાય ચુકવાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં નવા કુટિર ઉદ્યોગ શરૂ કરવા છેલ્લા બે વર્ષમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને ૫૮૪૧ અરજીઓ મળી છે. આ પૈકી ૧૫૮૭ નવા કુટિર ઉદ્યોગો શરૂ કરવામાં આવ્યા છે. જ્યારે આ માટે રૂ. ૧૧૯.૧૦ લાખની સહાય ચુકવવામાં આવી છે.

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં કુટિર ઉદ્યોગ મંત્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન નવા કુટિર ઉદ્યોગ શરૂ કરવા માટે ૫૮૪૧ અરજીઓ મળી છે. જેમાં વર્ષ ૨૦૧૩માં ૩૦૬૪ અને વર્ષ ૨૦૧૪માં ૨૭૭૭ અરજીઓ પ્રાપ્ત થઈ છે. જ્યારે આ પૈકી ૧૫૮૭ નવા ઉદ્યોગો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં વર્ષ ૨૦૧૩માં ૧૦૮૫ અને વર્ષ ૨૦૧૪માં ૫૦૨ નવા કુટિર ઉદ્યોગો શરૂ કરવામાં આવ્યા છે. નવા કુટિર ઉદ્યોગો માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૧૯.૧૦ લાખની સહાય કરવામાં આવી છે.




**● દહેગામ કંથલપુર વડના વિકાસ માટે ૪ કરોડ ફળવાયા**

જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ સંદર્ભે દહેગામના મહાકાળી કંથલપુર વડ માટે રૂ. ૪૦૦ લાખ ફાળવવામાં આવ્યા છે. વિધાનસભા ગૃમાં કલોલ ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં પ્રવાસનમંત્રીએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં બહુચરાજી મંદિર, હાટકેશ્વર મહાદેવ-વડનગર થોળને ઈકો ટુરિઝમ તરીકે વિકસાવવા ૪,૨૩૩ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં દહેગામના મહાકાળી કંથલપુર વડના વિકાસ માટે જિલ્લા કલેકટરને વર્ષ ૨૦૧૪-૧૫માં રૂ. ૪૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

**● જિલ્લામાં પુરતા દબાણથી વીજ પુરવઠો આપવા ૨.૫૯ કરોડનો ખર્ચ**

ગાંધીનગર જિલ્લામાં વિજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે રૂ. ૨૯૫.૨૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર પ્રશ્નના ઉત્તરમાં ઉર્જામંત્રીએ જણાવ્યું હતુ કે વીજ ગ્રાહકોને પુરતા દબાણથી વીજ પુરવઠો સપ્લાય કરવા માટે છેલ્લા બે વર્ષ દરમિયાન ૨૪ ફીડરોનુ વિભાજન કરવામાં આવ્યું છે.

**● ગાંધીનગર સહીતના ચાર સરકારી પ્રેસ માટે ૧૩.૯૫ કરોડના કાગળોની ખરીદી**

રાજ્યની ચાર સરકારી પ્રેસમાં છેલ્લા એક વર્ષ દરમિયાન રૂ. ૧૩.૯૫ કરોડના કાગળોની ખરીદી કરવામાં આવી છે. કાંકરેજના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં જણાવાયું હતું કે ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, રાજકોટ અને વડોદરા સરકારી પ્રેસ માટે કાગળોની ખરીદી કરવા પાછળ રૂ. ૧૩,૯૫,૩૩,૨૫૧ નો ખર્ચ થયો છે.

# પ્રાંતિજ પ્રાંત કચેરી દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું

## જુદી જુદી ત્રણ ટીમો બનાવી હાઈવેની હોટલો, ગેસ્ટહાઉસમાં તપાસ હાથ ધરવામાં આવી : પેટમાં વિત્યું ને માથાની દવા લીધી જેવી સ્થિતિ

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલી હોટલો માલિક તથા ગેસ્ટહાઉસ માલિકો દ્વારા હોટલોની આડમાં ચાલતાં ગોરખધંધા તથા હોટલોમાં ગંદકીના સમાચાર ગાંધીનગર સમાચારમાં છપાયા પછી એક દિવસ પછી સાબરકાંઠા કલેક્ટર દ્વારા માત્ર સ્વચ્છતાની તપાસના આદેશ અપાતા હોટલોમાં માત્ર સ્વચ્છતા અંગે ઔપચારિક તપાસ થઈ હતી. મળતી માહિતી મુજબ પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ હોટલોની આડમાં ચાલતા ગેસ્ટહાઉસમાં ગોરખ ધંધાઓને લઈને ગાંધીનગર સમાચારમાં છપાયેલ સમાચાર બાદ બીજા દિવસે સાબરકાંઠા જિલ્લા કલેક્ટર દ્વારા પ્રાંતિજ, ઈડર, હિંમતનગર, ખેડબ્રહ્મામાં વગેરે પ્રાંન્ત ઓફિસરોને નેશનલ હાઈવે ઉપર તથા અંદર આવેલ હોટલોમાં સરપ્રાઈઝ ચેકીંગનો આદેશ કર્યો છે અને ચેકીંગ બાદ બેદિવસમાં દરેક પ્રાંત કચેરી અધિકારીઓને રીપોર્ટ કરવાનું જણાવેલ છે. જ્યારે નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ નામચીન હોટલોમાં હોટલોની આડમાં ગેસ્ટહાઉસોમાં આજકાલ ગોરખધંધાનો ક્રેઝ વધારે છે. જ્યારે તંત્ર દ્વારા હાલ તો ખાલી હોટલોની અંદર રસોઈ ઘર તથા પેશાબ ઘરની તપાસના સ્વચ્છતાનો આરંભ કર્યો હતો અને હોટલોમાં ચાલતા ગોરખધંધાઓ કે કલેકટરના આદેશનો અનાદાર થતો હોવાનો નજરે નથી આવતું જ્યારે ગેસ્ટ હાઉસોમાં કોઈ પણ વ્યક્તિની દિવસ દરમ્યાન અવર જવર કે આવતા બહારના કે આજુબાજુના લોકોનો કોઈ ડોક્યુમેન્ટ કે ફોટો આઈડી લેવામાં આવતા નથી અને આવનાર વ્યક્તિઓ કે મહિલાઓના અંગુઠા નિશાન લેવામાં આવતુ નથી અને ચોપડે એન્ટ્રી પાડવામાં આવતી નથી અને આવનાર ગ્રાહકો પાસેથી અડધો કલાકના ૩૦૦ થી ૫૦૦ રૂપિયા લઈ લે છે. અને દિવસ દરમ્યાન હજારો કમાઈ લે છે. જ્યારે મળતી માહિતી મુજબ કેટલીક નામચીન હોટલોમાં વેઈટરો દ્વારા મોબાઈલ ફોન ઉપર યુવતીઓના ફોટા બતાવી કોન્ટેક્ટ કરી આપતાં હોય છે. અને મોબાઈલમાં યુવતીઓના ફોટા પણ બતાવવામાં આવેલ છે અને કોઈપણ જાતનો ડર રાખ્યા વગર બિંદાસપણે હોટલોમાં ગોરખ ધંધા ચલાવે પણ હાલ તો તંત્ર દ્વારા ખાલી સ્વચ્છતાની તપાસ કરી મન મનાવી લીધું હોય તેમ છે પણ ખરેખર તપાસ થાય તો કેટલાય હોટલ ગેસ્ટહાઉસમાં ચાલતી રંગીન રાસલીલા ઓનો પર્દાફાસ થાય તો નવાઈ નહી પણ હાલ તો પેટમાં વિત્યુ ને માથાની દવા લીધી જેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

# ગેસીયાના ૮મા વાર્ષિક એવોર્ડઝમાં ગુજરાતના આઈસીટી ઉદ્યોગની શ્રેષ્ઠતાનું બહુમાન કરાશે

અમદાવાદ, તા.૧૫

ગુજરાત ઈલેકટ્રોનિકસ એન્ડ સોફટવેર ઈન્સ્ટ્રીઝ એસોસિએશનનો ૮મો વાર્ષિક એવોર્ડ સમારંભ તા. ૧૩ માર્ચ ૨૦૧૫ના રોજ આઈસીટી ઉદ્યોગના મહાનુભાવોની હાજરીમાં અક્ષય પાર્ટી પ્લોટ ખાતે યોજાશે. અલકાટેલ લ્યુસેન્ટ ઈન્ડિયાના ચેરમેનશ્રી અરૂણ શેઠ આ સમારંભના મુખ્ય મહેમાન રહેશે, જયારે ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવશ્રી એસ.જે. હૈદર-આઈએએસ,નાસકોમના પ્રેસિડેન્ટ-શ્રી આર. ચંદ્રશેખર તથા રસના પ્રાઈવેટ લિમિટેડના શ્રી પિરૂઝ ખંભાતા માનવંતા મહેમાન તરીકે સમારંભમાં હાજર રહેશે.

અખબારી આલમને સંબોધન કરતાં ગેસીયાના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી વિવેક ઓગરાએ જણાવ્યું હતુંકે 'ગેસીયા છેલ્લા ૭ વર્ષથી આઈસીટી ઉદ્યોગની કંનીઓ દ્વારા કરાયેલા નોંધપાત્ર પ્રદાનનું બહુમાન કરે છે. રાજયમાં મેન્યુફેક્ચરીંગ ક્ષેત્ર વડાપ્રધાનના મેક ઈન ઈન્ડિયા કેમ્પેઈનને કારણે ગતિમાં આવી રહ્યું છે ત્યારે આઈસીટી ક્ષેત્ર પણ ટેકનોલોજીકલ સહાય ઓફર કરીને મેન્યુફેચરીંગની વૃધ્ધિમાં સહાયભૂત બનશે. મને આશા છે કે મેક ઈન ઈન્ડિયા કેમ્પેઈન મારફતે ગેસીયા એવોર્ડઝથી કંપનીઓ ઓફર થયેલી નવી તકોના ઉપયોગ માટે પ્રોત્સાહિત થશે.'

૩ નવા એવોર્ડ ઉમેરવા અંગે 'ઉગતા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા માટે તથા સામાજીક ક્ષેત્રને ધ્યાનમાં રાખીને આ વર્ષે 'આઈસીટી ફોર ચેન્જ સિટિઝન એવોર્ડ' શિક્ષણ જગત અને ઉદ્યોગ વચ્ચે સહયોગને પ્રોત્સાહિત કરવા 'બેસ્ટ ઈન્ડસ્ટ્રી એકેડેમિયા લીકેજ એવોર્ડ' અને 'બેસ્ટ સ્ટુડન્ટ ઈનોવેશન એવોર્ડ' શરૂ કર્યો છે.'

### અષાઢી માહોલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગરમીની મોસમ વચ્ચે વાદળો ઘેરાતા નાગરિકોની સાથે ખેડૂતો પણ ભારે ચિંતામાં મુકાઈ ગયા હતા અને આ મોસમના પલ્ટાને લીધે અનેક મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. વાદળોની વચ્ચે પવન ફુંકાતા માર્ગો પર વાહન પર જતા લોકોમાં પણ તેની અસર જોવા મળી હતી. દિવસભરના વાદળ છાયા મોસમને લીધે શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી છાંટા પણ પડયા હતા. મોસમના બદલાતા આ મિજાજને સમજવું નાગરિકો માટેમુશ્કેલ બન્યું છે. અને પરિણામે માનવ શરીર પર અસર સ્પષ્ટ દેખાઈ રહી છે. ત્રેવડી ઋતુ એક સાથે અનુભવાતા નાગરિકોમાં શારીરિક તકલીફો પણ વધી રહી છે અને ખાંસી, વાઈરલ તાવ, ઝાડા ઉલ્ટી અને શરીર તુટવાના અનેક કેસોમાં વધારો જોવા મળ્યો છે.

એક જ દિવસમાં એક સાથે ત્રણ ત્રણ ઋતુઓની અસર થતા માનવી સહિત પશુ પક્ષીઓ પણ મુશ્કેલી વેઠી રહ્યા છે અને કુદરતની આ કરામત સામે સૌ કોઈ લાચાર બની ગયા છે. અને ખરેખર કળિયુગનો અહેસાસ આજે નાગરિકો કરી રહ્યા છે.

### સતત મોનીટરીંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટાડો થયો છે. તેમણે ઉમેર્યુ કે, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના માર્ગદર્શન હેઠળ રાજયમાં બોર્ડની પરીક્ષાઓ ખૂબ જ શાંતિપૂર્ણ વાતાવરણ હેઠળ યોજાઈ રહી છે. રાજય સરકારે ટેકનોલોજીના માધ્યમથી રાજયમાં નવતર અભિગમ દાખવીને ૫૦ હજારથી વધુ વર્ગખંડોમાં સીસીટીવી અને ટેબ્લેટ લગાડવામાં આવ્યા છે. જેનું અત્રેના મુખ્ય કંટ્રોલરૂમમાંથી બન્ને પરીક્ષાઓમાં સતત મોનીટરીંગ થઈ રહયું છે. રાજયના કોઈપણ જિલ્લાના કોઈપણ વર્ગખંડમાં કયાંય પણ કચાશ કે વિદ્યાર્થીઓ આજુબાજુ નજર નાંખે તો અત્રેથી સીધી જ તે શાળામાં સૂચના આપવામાં આવે છે.

માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન શ્રી આર.આર. વરસાણીએ જણાવ્યું હતું કે, ઓન લાઈન મોનીટરીંગ સીસ્ટમ રાજય સરકારે વર્ષ-૨૦૧૩ની બોર્ડની પરીક્ષામાં કાર્યાન્વિત કરી છે. આજે ૩૩ જિલ્લાના ૫૦ હજારથી વધુ વર્ગખંડોમાં સીસીટીવી અને ટેબ્લેટની સુવિધાઓ ઉપલબ્ધ બનાવી છે. જેનું ગાંધીનગર ખાતે લાઈવ સ્ટ્રીમીંગ કરવામાં આવે છે. રાજય સરકારે ચાલુ વર્ષે સીસીટીવીની સાથે ૫૧૩૦ ટેબ્લેટ મૂકવાનો નવતર અભિગમ આ વર્ષે દાખવ્યો છે. જેના ખૂબ જ સારા પરિણામો સાંપડી રહયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓમાં ૧૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ ૧૨૦૦ થી વધુ કેન્દ્ર પર પરીક્ષાઓ આપી રહયા છે.

મંત્રીશ્રીઓની આ મુલાકાત વેળાએ શિક્ષણ વિભાગના ઉચ્ચઅધિકારીઓએ ઉપસ્થિત રહી જરૂરી માહિતી પૂરી પાડી હતી.

